# અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાને લઈ લોખંડી બંદોબસ્ત

## શહેરમાં ૧૩૦ સીસી ટીવી કેમેરા ગોઠવાયા : અંબાજી પોલીસ છાવણીમાં ફેરવાયું : શહેરમાં ૩૫૦૦ જેટલા જવાનો રાતદિવસ ખડેપગે કરશે યાત્રીકોની રક્ષા

પાલનપુર,તા. ૧૨

આવતીકાલથી શરૂ થઈ રહેલી અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળાને લઈને વહીવટી તંત્રએ આખરી ઓપ આપી દીધો છે. મહામેળામાં આતંકવાદી હુમલા અથવા બીજા આકસ્મિક બનાવોનો સામનો ન કરવો પડે તે માટે જિલ્લા પોલીસ દ્વારા અંબાજી મંદિર અને આસપાસના વિસ્તારોમાં ૧૩૦ જેટલા સીસી ટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા છે. આ ઉપરાંત વિવિધ સુરક્ષાદળોના જવાનોની પે ગ્રૂપ ક્વિક રિસ્પોન્સ ટીમ તૈયાર કરવામાં આવી છે જે આધુનિક હથિયારથી સજ્જ થઈ તમામ યાત્રીકોની ગતિવિધીઓ ઉપર બાજ નજર રાખશે. પોલીસ તંત્રએ અંબાજીમાં ૩૫૦૦ જેટલા જવાનોનો ખડકલો કરી દીધો છે.

આવતીકાલથી ૧૯ સપ્ટેમ્બર સુધી અંબાજીમાં ભાદરવી પૂનમનો મહામેળો યોજાવાનો છે. આ મેળામાં ૫૦ લાખથી વધુ માઈ ભક્તો માના દર્શનાર્થે પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આટલા મોટું માનવ મહેરામણ ઊમટતું હોવાથી મહામેળામાં આતંકવાદીની શક્યતા સેવાઈ રહી છે. ત્યારે પોલીસ તંત્ર પણ આતંકવાદી હુમલો અથવા બીજાકોઈ આકસ્મિક બનાવોને ટાળવા માટે સજ્જ થઈ ગયું છે. બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોક યાદવે જણાવ્યું હતું કે ભાદરવી પૂનમના મેળાને ધ્યાનમાં રાખી મંદિર અને ગબ્બર પરિષદ સહિત શહેરમાં ૧૩૦ સીસી ટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. પોલીસ અધિકારીઓ અને જવાનોને એસએમએસ અને ફોનથી એકબીજાના સંપર્કમાં રહી શકે તે માટે મોબાઈલ ફોનોની પણ વ્યવસ્થા કરી દેવામાં આવી છે. શહેરની સુરક્ષા માટે ઘોડેસવારોની પણ ટીમ તૈનાત કરવામાં આવી છે. જુદા જુદા આઠ સેક્ટર અને ૨૦ ઝોનમાં બંદોબસ્ત માટે ૨૦ નાયબ પોલીસ ઈન્સ્પેક્ટરના ૩૯ અધિકારી પોલીસ સબ ઈન્સ્પેક્ટ, ૨૪૫૦ હોમગાર્ડના જવાનો તેમજ ૫૦૦ ગ્રામરક્ષકના જવાનો, ૨૦૦ વોલેન્ટર સભ્યો રાત દિવસ ખડે પગે તૈનાત રહેશે. જ્યારે અન્ય પોલીસ જવાનો સહિત કુલ ૩૫૦૦ જેટલા જવાનો ભાદરવી પૂનમના મેળા દરમિયાન શહેરની સુરક્ષા કરશે. ભાદરવી પૂનમના મહામેળાને ધ્યાનમાં રાખી અંબાજી તરફ જવાના વિવિધ વાહન રૂટોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે અને રસ્તાઓ ઉપર ચેકપોસ્ટ ગોઠવી પોલીસ દ્વારા તાલીમબદ્ધ ડૉન મારફતે સતત ચેકીંગ કરવાની તૈયારી થઈ ચૂકી છે. આ ઉપરાંત મોટી સંખ્યામાં પોલીસ જવાનોને રિઝર્વ પણ રખાયા છે.





## ૩૦૦ હાજીઓને વેકસીન રસી અપાઈ

હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે હજયાત્રાએ જનાર હાજીઓને વેકસીન રસી આપવાનો એક પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં ૩૦૦ જેટલા હજયાત્રીઓને વેકસીન રસી આપવામાં આવી હતી. આ પ્રસંગે નગરપાલિકા વિરોધપક્ષના નેતા ઈશાક શેખ સહિત મુસ્લિમ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સિવિલ સર્જન ડૉ. ઉપેરીયા, આર.એમ.ઓ. ડૉ. નાગોરી, ડૉ. પરીખની રાહબરીમાં પેરા મેડીકલ સ્ટાફે હજયાત્રીઓને રસી આપી હતી. (તસવીર : મગનજી વણઝારા)

## સાબરકાંઠા જિલ્લામાં ૧૩ થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન કલ્યાણ મેળા યોજાશે

**રાજય સરકારના ગરીબી ઉન્મૂલન અને ગરીબોને હાથોહાથ પહોંચાડવા ગરીબ કલ્યાણ મેળા એ મહત્વનું માધ્યમ છે. આ માધ્યમથી ગરીબોનો આત્મવિશ્વાસ વધે એ દિશામાં જન આંદોલન આદરી ગુજરાતના વંચિતોને મજબૂત અને સુરક્ષિત બનાવવાનો -યત્ન કરેલ છે. ત્યારે મહત્વાકાંક્ષી તાલુકા ગરીબ કલ્યાણ મેળા સાબરકાંઠા જિલ્લાના -ાંતિજ ખાતેથી -ારંભ થઈ રહ્યો છે રાજય સરકાર દ્વારા રાજયભરમાં -ાંતકક્ષાએ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાબરકાંઠા જિલ્લામાં તા.૧૩ થી ૨૮ સપ્ટેમ્બર-૨૦૧૩ દરમિયાન સવારે ૧૦.૩૦ થી ૧ કલાક દરમિયાન ગરીબ કલ્યાણ મેળા યોજાશે.**

## પ્રાંતિજનું ભાખરીયા તળાવ સુકુ ભંટ્ઠ...!

### તળાવની રોનક ફરી લાવવા રહિશોની માંગ

પ્રાંતિજ, તા. ૧૧

પ્રાંતિજનગરની શોભામાં અભિવૃદ્ધી કરતું ભાખરીયા તળાવનું પાણી વિસરાતા તળાવ ખાલીખમ થઈ ગયું છે. પરિણામે સ્થાનિકજનોમાં ચિંતા સાથે નિરાશા જોવા મળી છે. અને સ્થાનિક રાજકારણીઓ આ મામલે તંત્ર સમક્ષ યોગ્ય રજૂઆત કરી તળાવને ફરી પાણીથી છલોછલ કરાવે તેવી માંગણી સાથે ઈચ્છા વ્યક્ત કરી છે.

ચોમાસાની ઋતુમાં પ્રાંતિજનું વિશાળ અને ઊંડુ ભાખરીયા તળાવ પાણીથી છલોછલ ભરાઈ જતા તળાવનું દૃશ્ય નયનરમ્ય લાગતુ હતુ. રોજ-રોજ જાત-જાતના અને ભાતભાતના નવા-નવા પક્ષીઓ પણ આ તળાવની મુલાકાતે આવતા હતા. જ્યારે ગામના પશુઓ પણ આ તળાવના પાણીથી પોતાની તરસ છિપાવતા હતા. ઉપરાંત સ્થાનિકજનો પણ આ તળાવના કિનારે ગામના સહેલાણીઓ પણ મુલાકાતે આવી કલાકો સુધી અહીં બેસી નયન રમ્ય દૃશ્ય નિહાળતા પરંતુ હાલ આ ભાખરીયાનું તળાવ સુકુભટ્ટ બની જતા સ્થાનિક રહીશો સહિત સહેલાણીઓમાં ચિંતા જોવા મળી છે. જ્યારે પશુ-પક્ષીઓ પણ પાણી વગર અહીં આવતા નથી અને આ તળાવ સાવ નિર્જન બની ગયું છે. આથી ગ્રામજનો અનેક આશાઓ પર પાણી ફરી વળ્યું છે. તળાવમાંથી પાણી વિસરતા સ્થાનિકોએ આ મામલે સ્થાનિક રાજકારણીઓ તંત્ર સમક્ષ રજૂઆત કરી ગમે તે ભોગે તળાવમાં પાણી ભરાવવા માંગ કરી છે.

## આજે પ્રાંતિજ ખાતે તાલુકાનો ગરીબ કલ્યાણ મેળો યોજાશે

**આજે તા.૧૩ સપ્ટેમ્બર-૨૦૧૩ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે, -ાંતિજની શેઠ.પી એન્ડ આર હાઈસ્કૂલ મેદાન ખાતે -ાંતિજ અને તલોદ -ાંતકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાનાર છે. આ -સંગે રાજય કાયદામંત્રી અને જિલ્લા -ભારી મંત્રીશ્રી -દિપસિંહ જાડેજા ઉપસથિત રહી લાભાર્થીઓને સહાય અપર્ણ કરશે.**



**હિંમતનગર નવા સરકીટ હાઉસ ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક મળી હતી.આ બેઠકમાં શકિત કેન્દ્રો અને -ચાર વિસ્તારકો તથા બુથ લેવલના કાર્યકરતાઓની વરણી કરવામાં આવી હતી આવનારી લોકસભા ચૂંટણીમાં બક્ષીપંચ સમાજ ભારતીય જનતા પાર્ટી તરફે મતદાન કરે તેવી કાર્યકરતાઓને અપીલ કરવામાં આવી હતી. આ બેઠકમાં -દેશમાંથી સાબરકાંઠાના -ભારી મયંકભાઈ નાયક તથા અતિથિ વિશેષ મગનભાઈ વણજારાએ કાર્યકરોને વિશેષ માર્ગદર્શન પુરૂ પાડયું હતું. આ બેઠકમાં જિલ્લા બક્ષીપંચના મોરચાના -મુખ ભીખુસિંહ પરમાર, મહામંત્રી બિપિન પટેલ, જિલ્લા અને તાલુકાના બક્ષીપંચ મોરચાના હોદેદારો ઉપસ્થિત રહયા હતા. સમગ્ર બેઠકનું સંચાલન જિલ્લાના બક્ષીપંચ મોરચના મહામંત્રી વિજય વણજારાએ કર્યુ હતું.**

# સાબરકાંઠા જિલ્લામાં ભાદરવાના મેળા

જાદર, તા. ૧૨

પ્રતિવર્ષ સાબરકાંઠાની દિવ્ય વસુંધરા પર ભાદરવાના મેળા રમણે ચડે છે. પણ આ વર્ષે મેઘરાજાની મહેર સારી થતાં મેળા રમણીય લાગશે.

સાદરાનો જક્ષણીમાતાનો મેળો અને રાયગઢ અડપોદરાના ડુંગરે ભરાતી ઝાલાનો મેળો આમ આદમીનો મેળો છે. કહેવાય છે કે મૂળ પાટના ક્ષત્રિય ઝાલાજી અને આ સાદરાની જક્ષણી માતા બન્ને સગા ભાઈ-બહેન છે. અને ગાયોના રક્ષણ કાજે મોતનાં બલિદાન દઈ પાળિયા થઈ ગયાં. જે જગાએ તેમના શબ પડ્યા તે જગાઓ આજે પવિત્ર થાનક બની ગઈ છે. તેમણે ગાયો કાજે દેહદાન દીધાં એટલે પશુ પાલકો તેમને પશુરક્ષકોના દેવ માને છે. અને ઝાલાના મેળે જઈ શ્રીફળ વધેરી કહે છે...'જય ઝાલા બાવજી ભલું કરજો ઢોરે મનેથે કહોળ રાખજો' ખાસ કરીને ઠાકોરભાઈઓ, રબારીઓ, આંજણા પાટીદારો જે પશુપાલનનો ધંધો કરે છે તે સૌ આ મેળાની મુલાકાત લે છે. પણ આ પેમલા પેમલીનો મેળો નથી.

તો ભિલોડા પાસે ભરાતા ઉંબરિયાનો મેળો ખાસ કરીને આદિવાસીઓનો મેળો પણ ભાદરવે ભરપૂર હોય છે. આ મેળામાં મનના માણેલ માણીગર બની ઠનીને જોડિયા પાવા વગાડી કોઈ કામણગારીનાં દિલડાં હરી લે છે. અહીં ક્યારેક તોફાનો પણ થઈ જાય, ત્યારે કોક નવાણિયો પણ કૂટાઈ જાય ખરો. તો ભિલોડા પાસે ભવનાથનો મેળો તો જગ જૂનો મેળો છે. અહીં અઢારે આલમ ભેળી થાય છે. ઈન્દ્રાસી અને ભૃગુ કુંડમાં નહાય અને મુકટી ખાઈ ચગડોળમાં માલે, મીઠાઈ અને ખાણી-પીણીનો આ મેળાની રોનક હવે ઓછી થતી જાય છે.

તો ભાદરવાના બીજા સોમવારે ત્રણ દિવસ માટે ભરાતો મુઘણા-મહાદેવનો મેળો સમગ્ર સાબરકાંઠાનું આગવું આકર્ષણ બની રહે છે. અહીં લાખ્ખોની સંખ્યામાં લોક મેળો મહાલવા આવે છે. કારણકે આ સ્થળે સ્વયંભુ પ્રાચીન શિવલીંગ સરિતાના કિનારે જ આવેલું છે. તો વળી આ નાગદેવતાનો મેળો ગણાય છે. અહીં તમે મુઘણાનું નારિયેળ વધેરો એટલે બાર મહિના સુધી સાપના ભયથી મુક્ત થઈ જાઓ. એવી કિંવદંતી છે. તેથી તો અહીં દર વર્ષે સાઈઠ ખટારા ભરીને નારિયેળ ઠલવાય છે. મેળો ઉલી ગયા પછી એ જગાએ નારિયેળનાં છોતરાં જ છોતરાં દેખાય છે. પણ હવે પગલૂછણિયાં બનાવનારાનો અહીં ભારે તડાકો પડી જાય છે. ઈડર અને હિંમતનગરથી મેળાની વધારાની બસો દોડાવાય છે અને મેળામાં કામચલાઉ ડેપો બની જાય છે. આ મેળાની ખાસીયત એ છે કે અહીં પૂજારી નાગનું ઝેર ચુસી વિષ ઉતારવાનું પુણ્યકાર્ય વિના. વેતને કરે છે. તો વળી આ મેળો રાત દિવસ ચાલે છે. તેથી જેને કોણીઓ ખાવાની કટેવ પડી ગઈ હોય તેવા વીરપુરૂષો દિવસે ધક્કા-મુક્કીમાં ભચડાવા જાય છે. તો ભણેલો અને ધંધાદારી વર્ગ પોતાનાં વાહન લઈ રાતે મેળાની મઝા માણી આવે છે. તેમાં ખાસ કરીને મોતનો કૂવો અને બોમ્બે ડાન્સ, ડીસ્કો ડાન્સ તથા લોકગીતો, જાદુના ખેલ, વિજ્ઞાનની કરામત, જાયન્ટવીલ, બાળકોની રાઈડ્સ અને ચગડોળની મઝા માણી પાણી-પુરી અને દાબેલી ખાઈ અડધી રાતે પરત થાય છે. પણ પ્રેમી પંખીડા તો નદીના પટમાં એઈ... નિરાંતે અલક મલકની વાતો અને સામા-સામી જીવતરના કોલ દઈ બેસે છે. આ કોલ નવલી નોરતાંની રાતોમાં પરાકાષ્ઠાએ પહોંચે છે.

તો મેસણ પાસે ભરાતો ગધારિયો મેળો ઓડ, વણઝારા અને કુંભારોનો મેળો છે. અહીં ગધાડી વિવાઈ હોય તે સવાશેર ઘીનું માઈત (સુખડી) કરે છે. તો લીલછાની પ્રખ્યાત ટાઢોરી માટલી અને મોરિયા ટેમ્પા ભરાઈને વેચવા આવે છે. તો તાંલળિયો, તાવડિયો અને વડાલીનાં પ્રખ્યાત લોળિયાં, માટીની ચલમો, બસુરાં, ચેવડા અને માટીના હોકા વેચાવા આવે છે. પણ જમાનાએ કરવટ બદલી અને આ માટીનાં વાસણ ધીમે ધીમે અદૃશ્ય થતાં ગયાં નહીંતર ભરવાડના ખભે ભરાવેલી માટીની ભંભલીનું શીતળ જળ હૈયું ઠારી અમીના ઓડકાર આપી જતુ... પણ હવે ક્યાં છે એ ભંભલી ?

તો ખેડબ્રહ્મા અને અંબાજીની ભાદરવી પુનમના મેળામાં રાતે રમાતી માતાજીની જાતર જુઓ તો દંગ થઈ જાવ... માથે બળતી સગડી અને તલવારથી કપાતી જીભ...લાલચોળ તપાવેલી સાંકળને હાથેથી ઠારવી....આ બધુ મેળાનું નવલું નઝરાણું છે.

## ખેડબ્રહ્મામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેર વિકાસ યોજના અંતર્ગત ૨.૬૫ કરોડના કામોનું આયોજન

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા નગરપાલિકામાં નગરપાલિકા પ્રમુખ વિનોદભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને પાલિકાની સામાન્ય સભા મળી હતી જેમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મળેલા રૂ. ૨.૬૫ કરોડની ગ્રાન્ટમાંથી ખેડબ્રહ્મા વિવિધ વિકાસ કામોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત વિવિધ ઠરાવો પણ રજૂ કરવામાં આવ્યા હતા.

ખેડબ્રહ્મા નગરપાલિકામાં ખાસ સામાન્ય સભા વિનોદભાઈ પટેલ પ્રમુખ પાલિકાના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂ. ૨.૬૫ કરોડની ગ્રાન્ટનો મુખ્યમંત્રી તથા શહેરી વિકાસ મંત્રીના હસ્તે વિકાસ કામો માટે ચેક અર્પણ કરવામાં આયો હતો. જેના અનુસંધાને ખેડબ્રહ્મામાં નગરપાલિકાએ ખાસ સામાન્ય સભામાં હરણાવ નદીના કિનારે રીવર ફ્રન્ટના કામો કરવા તેમજ નાવાનો ઘાટ બનાવવા સહિતના વિવિધ વિકાસ કામો કરવા ઠરાવવામાં આવ્યું હતું. તેમજ વિવિધ વિસ્તારોમાં મારગ પર સ્ટ્રીટલાઈટો નાંખવાનું કામ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમગ્ર બેઠક દરમિયાન ઉપપ્રમુખ હિતેશભાઈ દિક્ષિત, કારોબારી ચેરમેન અરવિંદભાઈ ઠક્કર તેમજ તમામ સમિતિના ચેરમેનો વિરોધપક્ષના નેતા પ્રવિણસિંહ સોલંકી વિરોધ પક્ષના તમામ સભ્યો ચીફ ઓફિસર એચ.જે. અગ્રવાલ સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ હાજરીમાં વિકાસના કામો કરવા આયોજન થાય તેવું ઠરાવવામાં આવ્યું હતું.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૫૦ | ૨૩૮૦ |
| વરીયાળઈ | ૮૫૦ | ૧૪૦૦ |
| બંટી | ૨૫૦ | ૨૭૨ |
| રાયડો | ૫૬૫ | ૬૩૩ |
| એરંડા | ૯૬૦ | ૭૨૪ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૦ |
| બાજરી | ૨૩૦ | ૨૬૯ |
| ગવાર | ૧૪૦૦ | ૧૬૦૫ |

**તલોદ**

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૫ | ૭૧૩ |
| ઘઉં | ૩૦૮ | ૩૫૦ |
| બાજરી | ૨૨૦ | ૨૮૯ |
| ગવાર | ૧૩૦૦ | ૧૬૩૧ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૭૦૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| બાજરી | ૨૧૫ | ૨૫૦ |
| ડાંગર નવા | ૩૦૦ | ૩૩૫ |

**પ્રાંતિજ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૨૫ | ૨૬૦ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૧૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૫ | ૨૭૫ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૩ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૯૨ | ૨૯૯ |
| એરંડા | ૭૦૫ | ૭૧૦ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૫ |
| બાજરી | ૨૪૦ | ૨૭૨ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ગવાર | ૧૨૪૦ | ૧૫૯૪ |

**ટીંટોઈ**

| | | |
|---|---|---|
| મકાઈ | ૨૮૦ | ૩૦૩ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૧ |
| ગવાર | ૧૪૫૦ | ૧૬૩૦ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૪ | ૨૬૪ |
| ઘઉં | ૩૧૦ | ૩૧૮ |
| ડાંગર | ૨૬૫ | ૩૦૦ |
| એરંડા | ૭૦૪ | ૭૦૭ |
| ગવાર | ૧૪૦૦ | ૧૫૫૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૫ |
| તુવેર | ૫૨૫ | ૬૨૦ |
| જુવાર | ૩૨૫ | ૩૬૦ |
| રાયડો | ૫૨૦ | ૫૭૦ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૧૨ | ૨૬૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૧૫ |
| ડાંગર | ૨૬૦ | ૨૯૦ |
| એરંડા | ૭૦૨ | ૭૦૫ |
| ગવાર | ૧૩૫૦ | ૧૫૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૧૦ |
| જુવાર | ૩૧૦ | ૩૫૦ |
| રાયડો | ૫૧૦ | ૫૬૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૫૩૦ | ૫૮૦ |
| એરંડા | ૭૧૫ | ૭૨૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૮૯ |
| બાજરી | ૨૧૦ | ૨૫૬ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ગવાર | ૧૨૦૦ | ૧૬૩૫ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૫૬ |
| મકાઈ | ૩૦૩ | ૩૪૨ |
| એરંડા | ૭૧૦ | ૭૨૧ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| મગફળી | ૫૦૦ | ૫૫૦ |
| તલ | ૧૫૦૦ | ૧૭૫૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૫૯૯ |
| જુવાર | ૩૬૦ | ૩૯૫ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૫૭ | ૩૪૫ |
| ડાંગર | ૨૦૦ | ૩૦૫ |
| બાજરી | ૨૨૦ | ૨૫૦ |
| બંટી | ૨૬૦ | - |
| જવ | ૨૭૦ | - |

| | | |
|---|---|---|
| સવા | ૬૫૦ | ૬૪૦ |
| ગવાર | ૧૪૫૦ | ૧૬૦૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૪ |
| રાયડો | ૫૮૫ | - |
| જીરૂ | ૨૩૨૦ | ૨૪૬૬ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૧ | ૩૯૦ |
| બાજરી | ૨૨૩ | ૨૬૪ |
| એરંડા | ૭૧૮ | ૭૨૮ |
| રાયડો | ૬૦૦ | ૬૧૬ |
| રાજગરો | ૧૧૪૧ | ૧૨૧૫ |
| મગફળી | ૬૭૨ | ૭૫૦ |
| ગવાર | ૧૧૫૦ | ૧૬૭૬ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| મગ | ૮૦૦ | ૧૧૦૦ |
| ચોખા | ૭૫૦ | - |
| જવ | ૫૮૦ | ૬૨૬ |
| એરંડા | ૬૬૦ | ૭૨૧ |
| ગવાર | ૮૬૧ | ૧૬૬૫ |
| ઘઉં | ૨૯૫ | ૩૬૦ |
| બાજરી | ૧૮૦ | ૨૭૧ |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૮૫૫ | ૨૭૪૫ |
| વરીયાળી | ૭૯૧ | ૧૭૭૨ |
| ઈસબગુલ | ૧૧૧૧ | ૧૫૦૦ |
| રાયડો | ૫૩૦ | ૬૬૫ |
| તલ | ૨૦૦૦ | ૨૨૭૧ |
| સવા | ૬૨૫ | ૭૦૫ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૮૬ |
| બાજરી | ૨૦૦ | ૨૮૮ |
| રાયડો | ૫૭૦ | ૬૧૩ |
| એરંડા | ૭૦૦ | ૭૨૭.૫૦ |
| જુવાર | ૩૦૫ | ૪૫૧ |
| મગ | ૮૫૦ | ૯૪૧ |
| ગવાર | ૧૩૦૦ | ૧૬૬૩ |
| રજકાના બી | ૧૨૦૦ | ૨૬૦૧ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૩ | ૩૪૮ |
| જીરૂ | ૧૬૨૫ | ૨૪૫૦ |
| રાયડો | ૫૬૦ | ૬૧૮ |
| મેથી | ૫૨૬ | - |
| સવા | ૬૦૦ | ૬૬૯ |
| બાજરી | ૨૨૩ | ૩૦૦ |
| એરંડા | ૬૮૮ | ૭૦૮ |
| અજમો | ૪૦૦ | ૯૩૦ |
| ગવાર | ૧૫૩૬ | ૧૬૧૬ |
| બંટી | ૩૩૧ | - |
| રજકાબી | ૧૯૦૦ | ૨૪૪૫ |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૨૫ |
| બાજરી | ૨૨૦ | ૨૫૦ |
| રાયડો | ૫૪૫ | ૫૯૧ |
| એરંડા | ૬૯૮ | ૭૦૮ |
| ગવાર | ૧૫૮૧ | ૧૬૦૦ |

**જોટાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૨૭ |
| એરંડા | ૭૦૦ | ૭૦૭ |
| રાયડો | ૫૯૦ | ૫૯૩ |
| બાજરી | ૧૫૦ | - |
| ગવાર | ૧૪૧૫ | ૧૪૭૮ |

**હારીજ**

| | | |
|---|---|---|
| રાયડો | ૬૦૫ | ૬૨૮ |
| એરંડા | ૭૦૦ | ૭૨૫ |
| બાજરી | ૨૨૦ | ૨૬૬ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૧ |
| ગવાર | ૧૪૦૦ | ૧૬૪૧ |
| મગ | ૭૫૦ | ૯૫૦ |
| ચણા | ૫૨૮ | ૫૭૦ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૫૩૧ |
| સાસટો | ૨૮૦ | ૩૫૬ |
| સવા | ૬૪૦ | ૭૧૧ |
| મેથી | ૫૫૦ | - |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૪૫ |
| એરંડા | ૨૪૫ | ૨૮૦ |
| રાયડો | ૬૧૨ | ૬૧૫ |
| ડાંગર | ૨૫૦ | ૪૩૦ |
| ગવાર | ૧૫૦૧ | ૧૭૦૦ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૫ | ૭૦૫ |
| ઘઉં | ૨૮૦ | ૩૧૫ |
| બાજરી | ૨૨૫ | ૨૫૫ |
| મકાઈ | ૨૮૫ | ૩૧૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૬૦૦ |

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામમ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન